<u>રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૭૦/૨૦૧૨</u>

<u>ના કામે આંક-૧ લગત હુકમ.</u>

(૧) આ કામે વાદીએ હાલનો આ દાવો પ્રતિવાદીઓ સામે વિજ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ મળવા માટે દાખલ કરેલ છે. સદર દાવાનું રેકર્ડ જોતા વાદીએ દાવો દાખલ કરતા સમયે સી.પી.સી. ઓર્ડર-૮૦ રૂલ-૨ મુજબની નોટીસ નામદાર કોર્ટ સમક્ષ વેઈવ કરાવેલ છે તેમજ વાદી ધ્વારા નામ.કોર્ટમાં દાખલ કરેલ મનાઈહુકમની અરજી તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ નામંજુર કરવામાં આવેલ છે, જે હુકમ સામે કોઈ અપીલ દાખલ થયેલ નથી કે દાખલ થયેલ હોય તો કોઈ નોટીસ તેઓને મળેલ નથી. વાદીની મનાઈહુકમની અરજી નામંજુર થવાથી દાવાની કોઈ અરજન્સી રહેલ ન હોય, નામ.ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ મુજબ સી.પી.સી. ઓર્ડર-૮૦ રૂલ્સ-૨ મુજબની નોટીસ વેઈવ કરાવીને દાવો દાખલ કરેલ હોય અને મનાઈહુકમની અરજી નામંજુર થયેલ હોય તેવા સંજોગોમાં વાદી ધ્વારા યોગ્ય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ દાવો દાખલ થાય તે જરૂરી હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના યુનિયન ઓફ ઈન્ડીયા વિરૂધ્ધ નટવરલાલ એમ. બદીયાણી, ૨૦૦૦(૩) જી.એલ.એચ. ૬૮૯ ના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તથા સિવિલ પ્રોસીઝર કોડની કલમ-૮૦(૨) મુજબ નોટિસ વેવ કરાવેલ અને ત્યારબાદ મનાઈ હુકમની અરજી નામંજુર થતા ફેંસલ થયેલ છે ત્યારે આ અદાલતે તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ફુલ બેન્ચના જજમેન્ટ ૨૦૦૧(૨) જી.એલ.આર. પાના નં. ૧૩૭૮ ઉપર પ્રસિધ્ધ થયેલ ચૂકાદાના પેરા-૧૫ નો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી હોય, જે નીચે મુજબ છે.

> [15] In the case of N.V. Ashar v. State of Gujarat, reported in 1984(2) GLR 1333, a decision rendered by single Bench of this Court, it was held that the only consideration at the time of granting leave without serving statutory notice

under S.80(1) of C.P.C. is whether the suit for obtaining urgent and immediate relief against the Government. It is the urgency or immediate nature of the relief which would be relevant for deciding whether leave should be granted or not and not whether the plaintiff has good case for obtaining such immediate and urgent relief by way of interim order. Merely because the interim relief is refused on merits, it cannot be said that there was no urgent or immediate need for interim relief in the suit. When the leave is granted, there is no question of the Court reviewing the grant of leave or returning the plaint and the Court having once satisfied about the urgency, the requirement of statutory notice fades into total insignificance and the suit has to be tried as any other suit and merely because the interim relief is refused, the leave granted and the suit instituted will not become incompetent. However, we find that in the facts of the case before us no such leave was granted by the court and without granting the leave ex parte ad interim injunction order was granted and that too without giving any notice or affording any opportunity to the other side. According to us this case has no relevance for the purpose of the consideration of the question, as has been referred to us, and we also find that the view taken by the learned single Judge in this case does not appear to be the correct view in face of the proviso to Sec.80(2) of the C.P.C. **Even if the leave is granted for institution of the suit without notice under S.80(1) of the C.P.C. on the question of urgent and immediate relief, if the Court is satisfied after hearing the parties, which would**
Downloaded on : Sat Dec 17 10:34:54 IST 2022 **include**

both the sides, that no urgent or immediate relief may be granted in the Suit, it has to return the plaint for presentation to it after complying with the requirements of sub-section (1). The question of returning the plaint arises only when the Court is satisfied after hearing both the sides that there is no need for any urgent or immediate relief and this stage cannot be reached unless the leave is granted for institution of the Suit and, therefore, the mere grant of leave for institution of suit for the purpose of considering the question as to whether the urgent or immediate relief is needed or not, does not become a fait accompli for the purpose of dispensing with the requirement of notice under S.80(1) of the C.P.C. and **it is very clear from the plain reading of the language of the proviso to S.80(2) of C.P.C. that after hearing both the sides if the Court is satisfied that no urgent or immediate relief need be granted in the suit, the plaint has to be returned for presentation after complying with the requirements of sub-section (1) of Se.80 C.P.C. The words used in the proviso are that "the Court shall" and thus the proviso is mandatory in nature and, therefore, in our opinion, even if the Court grants leave on being satisfied about the urgency, but after hearing both the sides it comes to the conclusion that no urgent or immediate relief is required to be granted, it has to return the plaint and it is not open for the Court to try the suit as any other suit once the interim relief is refused and the leave granted automatically comes to an end, if the Court is satisfied that no urgent or immediate relief is needed.** It will be pertinent to mention that at the time when the leave is

granted to institute a Suit and the urgency is determined, the Court only hears the plaintiff and not the other side. But after the grant of leave, whether urgent and immediate relief is to be granted or not, is a question which is decided after hearing both the sides. The proviso also speaks of the satisfaction of the Court for not granting urgent and immediate relief after hearing both the sides and, therefore, only after the grant of the leave the stage is there for returning of the plaint and Court shall return the plaint if it is satisfied after hearing the parties that no urgent or immediate relief may be granted. On this aspect of the mater, the view in the case of N.V.Ashar (Supra) is not found to be correct view in face of the proviso to Sec.80(2) of C.P.C. and the same is hereby overruled.

(૨) ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત આ અદાલત માનપૂર્વક વાંચી ગયેલ છે. જે ચૂકાદાના પેરા–૧૫ માં કરેલ ચર્ચા લક્ષમાં લેતા અને હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને લેતા વાદીઓએ જે તે સમયે એટલે કે દાવો દાખલ કરેલ ત્યારે સિવિલ પ્રોસીઝર કોડ કલમ–૮૦(૨) મુજબ નોટિસ વેવ કરવા પરવાનગી માંગેલી અને ત્યારબાદ વાદીઓ તરફે આંક–૫ ની અરજી નામંજુર થતા ફેંસલ થયેલ છે. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચૂકાદાના પેરા–૧૫ માં આપેલ આદેશ અન્વયે વાદીઓને કોઈ અરજન્ટ રીલીફની દાદ રહેતી ન હોય તે સંજોગોમાં આ અદાલતે વાદીઓને દાવા અરજી નિયમોનુસાર યોગ્ય પ્રક્રિયા કરી ફરી રજૂ કરવા આદેશાત્મક હુકમ કરેલ હોય જે આદેશ અન્વયે આ કામે વાદીઓની દાવા અરજી સિવિલ પ્રોસીઝર કોડ હુકમ–૭, નિયમ–૧૧(ડી) અન્વયે નહીં પરંતુ સિવિલ પ્રોસીઝર કોડ હુકમ–૭, નિયમ–૧૦ અન્વયે યોગ્ય પ્રક્રિયા કરી રજૂ કરવા આદેશ કરવાનું આ અદાલતને વ્યાજબી, યોગ્ય અને ઉચિત જણાતું હોય

નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

વાદીની દાવા અરજી સિવિલ પ્રોસીઝર કોડ હુકમ–૭, નિયમ–૧૦ અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટના ફુલ બેન્ચના જજમેન્ટના પેરા–૧૫ મુજબ સિવિલ પ્રોસીઝર કોડની કલમ–૮૦(૧) મુજબની યોગ્ય પ્રક્રિયા કરી દાવા અરજી ફરી રજૂ કરવા પરત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) અરજી ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૨ જી, માહે ફેબ્રુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૦૨/૦૨/૨૦૨૪.

(રામેશ્વર જિતેન્દ્રભાઈ મીરાણી)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ.
(GJ-00749)